નં. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/ 18
જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર
તા. 31/6/2021

# // સ્પષ્ટતા પરિપત્ર //

વિષય : નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને ફાળવેલ જમીનમાં પ્રોડકટ ચેન્જ/Addition બાબત.

સંદર્ભ : ૧.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/(L09003633011),તા-30/0૧/૨0૨૧

૨. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પીઓએલ/૨૪(૩)૪૮૯/૩૧/૯૪, તા-૨૦/૧૦/૧૯૯૪

નિગમ દ્વારા જારી કરવામાં આવેલ પરિપત્ર તા-30/0૧/૨૦૨૧માં બિન-રાસાયણિક ઉદ્યોગો માટે ફાળવવામાં આવેલ જમીનમાં રાસાયણિક તેમજ પર્યાવરણને અસર કરતા ઉદ્યોગોની મંજૂરી આપવાની સતા વડી કચેરીને નિયત થયેલ તથા રાસાયણિક હેતુ માટે ફાળવવામાં આવેલ પ્લોટોમાં પણ બિન-રાસાયણિક ઉદ્યોગોની એટલે કે પ્રોડકટ ચેન્જ/Addition માટે પણ વડી કચેરીની મંજૂરી મેળવવાની થાય તેમ જણાવેલ.

સદર પરિપત્ર અન્વયે, નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

1. જ્યાં ઝોનિંગ ચેન્જ થતું હોય તેવા કિસ્સાઓમાં
   - રાસાયણિક ઝોનમાં બિનરાસાયણિક પ્રકારની પ્રોડક્ટ ચેન્જ/Addition માટેની મંજુરી વડીકચેરીએથી મેળવવાની રહેશે.
   - બિનરાસાયણિક ઝોનમાં રાસાયણિક પ્રકારની/પર્યાવરણને અસર કરતાં ઉદ્યોગોને મંજુરી આપી શકાશે નહીં.
2. જ્યાં ઝોનિંગ ચેન્જ થતું ન હોય તેવા કિસ્સાઓમાં ક્ષેત્રિય કચેરી દ્વારા પ્રોડક્ટ ચેન્જ/Addition માટેની મંજુરી આપી શકાશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના:
મેનેજર(એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર...તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર